**-: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ એકટની કલમ-૪૩, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૪ અન્વયેનું જાહેરનામું :-**

નં.ડીએમ/ડીસીએચ/૨૬૫/૨૦૨૧.
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૦૧/૦૪/૨૦૨૧.

વંચાણે લીધા :-

1) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ), તા.૨૪/૦૩/૨૦૨૦, હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ), તા.૧૪/૦૪/૨૦૨૦, હુકમ નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ) તા.૦૧/૦૫/૨૦૨૦, તા.૧૭/૦૫/૨૦૨૦, હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ), તા.૩૦/૦૫/૨૦૨૦, નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ), તા.૨૯/૦૬/૨૦૨૦, તા.૨૯/૦૭/૨૦૨૦, તા.૨૯/૦૮/૨૦૨૦, તા.૩૦/૦૯/૨૦૨૦, ૨૭/૧૦/૨૦૨૦, તા.૨૫/૧૧/૨૦૨૦, ૨૮/૧૨/૨૦૨૦, તા.૨૭/૦૧/૨૦૨૧ તથા હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ) તા.૨૭/૦૨/૨૦૨૧.
2) આ કચેરીના તા.૩૦/૦૧/૨૦૨૧ ના જાહેરનામાં ક્રમાંક નં.ડીએમ/ડીસીએચ/Unlock/૨૦૨૧ તથા તા.૦૧/૦૩/૨૦૨૧ ના જાહેરનામાં ક્રમાંક નં.ડીએમ/ડીસીએચ/૨૫૩/૨૦૨૧.
3) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ), તા.૨૩/૦૩/૨૦૨૧.
4) ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના જાહેરનામાં ક્રમાંક નં.વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા.ફા.), તા.૩૦/૦૩/૨૦૨૧.

**-: જાહેરનામું :-**

નોવેલ કોરોના વાયરસ(COVID-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં પ્રતિદિન આ વાયરસના કેસો વધતા જાય છે. જે પરિસ્થિતિને ધ્યાને લેતા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક નં.જીપી/૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી તા.૧૩/૦૩/૨૦૨૦ થી ધી એપેડેમીક ડીસીસ એકટ-૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS-2020 તેમજ તે અન્વયે વિવિધ માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ છે જેની મુદત તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૨૩/૦૩/૨૦૨૧ ના જાહેરનામાં નં.જીપી/૧૨/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૧/જી થી વધારવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના વંચાણ-(૧) ના હુકમથી સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી લોકડાઉનની અવધિ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ તથા કેટલીક પ્રવૃતીઓ તબક્કા વાર શરૂ કરવામાં આવેલ છે તે અનુસાર રાજય સરકારશ્રી દ્વારા પણ જરૂરી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના વંચાણ-(૧) માં દર્શાવેલ તા.૨૭/૦૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ) થી તા.૦૧/૦૨/૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે મુકવામાં આવેલ માર્ગદર્શીકાની સમયમર્યાદા વંચાણ-(૩) માં દર્શાવેલ ભારત સરકારશ્રીના હુકમથી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના તા.૩૦/૦૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી તા.૦૧/૦૨/૨૦૨૧ થી અમલમાં મુકવામાં આવેલ માર્ગદર્શીકાની સમયમર્યાદા પણ તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

૦૧/૦૪/૨૧

જેથી હું, રવિ શંકર, આઇ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪, ધી એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન-૨૦૨૦, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૪૩ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૪ ની રૂઈએ મને મળેલ અધિકાર અન્વયે ફરમાવું છું કે,

[૧] ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના વંચાણ-(૩) દર્શાવેલ હુકમ તથા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણ-(૪) દર્શાવેલ હુકમ મુજબ વંચાણ -(૨) માં દર્શાવેલ આ કચેરીના તા.૩૦/૦૧/૨૦૨૧ ના જાહેરનામાંમાં દર્શાવેલ માર્ગદર્શીકાની મુદત તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

[૨] નિયત પ્રવૃતિઓ માટે કેન્દ્રીય મંત્રાલય/વિભાગો તેમજ રાજય સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

-: વિસ્તાર :-

આ જાહેરનામું સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે.

**-: અમલવારી નો સમય :-**

આ જાહેરનામું તા.૦૧/૦૪/૨૦૨૧ થી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંની બજવણી વ્યક્તિગત રીતે કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે તેમજ જામનગર જિલ્લામાં લોકોને સહેલાઈથી જાણ થાય તે માટે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાન પત્ર દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધિ કરવાની કામગીરી પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે, જામનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરે, નગરપાલિકા વિસ્તારમાં સંબધિત નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓએ, ગ્રામ્ય વિસ્તારમાં સંબધિત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ તથા જિલ્લાના અન્ય વિસ્તારોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જામનગરે કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ વિરુધ્ધ પગલા લેવા માટે ધી એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૩, ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, ૨૭૦, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯ મુજબ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૫૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧ માહે : એપ્રિલ-૨૦૨૧ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

રવાના કર્યુ:-તા.૦૧/૦૪/૨૦૨૧

(રાજેન્દ્ર સરવૈયા)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લા
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

સહી/- (રવિ શંકર)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગર

(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર

(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

નકલ રવાના :-

(૧) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

(૨) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફસ્ટ કલાસ)કોર્ટ (તમામ)...............

(૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂ.

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

..આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા આપશ્રીની તાબાની કચેરીએ પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂ.

(૫) કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર

(૬) મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, જામનગર

(૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.

(૮) મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

(૯) મામલતદારશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, જામનગર

(૧૦) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા,........................ (તમામ)

(૧૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ...................(તમામ)

(૧૨) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

(૧૩) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે, જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ.શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

(૧૪) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારૂં

(૧૫) કચેરીના નોટીસ બોર્ડ ઉપર.

(૧૬) સિલેકટ ફાઈલે.

૦૧/૦૫/૨૧